**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૦.૨ ડીગ્રી
લઘુતમ : ૨૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૩૨ ટકા

# વિશ્વ રકતદાતા દિને શહેરના રકતદાતાઓને સલામ...




**શહેરના શતકવીર રકતદાતાઓ**

| રકતદાતાનું નામ | રકતદાનની સંખ્યા |
|---|---|
| સુકેતુ મહેતા | ૧૩૫ |
| શશીકાંત મોઢા | ૧૩૩ |
| ભરત કવિ | ૧૧૫ |
| નિલેન્દુ વોરા | ૧૧૧ |
| રવિન્દ્ર દવે | ૧૦૮ |
| ઉલ્લાસ વોરા | ૧૦૮ |





ગાંધીનગર, તા.૧૩

વિશ્વભરમાં ૧૪મી જૂનનો દિવસ 'વિશ્વ રકતદાતા દિન' તરીકે વર્ષ ૨૦૦૪થી ઉજવવામાં આવે છે. સમગ્ર દેશમાં ગુજરાત રાજય રકતદાન કરવામાં મોખરે છે. એમાંય રાજયના પાટનગરમાંથી સૌથી વધુ લોકો રકતદાન કરે છે. ગાંધીનગર શહેર સેવાકીય પ્રવૃત્તિઓમાં અવ્વલ દરજ્જો ધરાવે છે. ભારતભરની રેડક્રોસ શાખાઓમાંથી ગુજરાતની રેડક્રોસ શાખા સ્વૈચ્છિક રકતદાનમાં પ્રથમ ક્રમે આવે છે.




શહેરના લગભગ ૮ રકતદાતાઓએ ૧૦૦થી વધુ વખત રકતદાન કર્યું છે. શતકવીર રકતદાતાઓમાં સુકેતુ મહેતા, શશીકાંત મોઢા, ભરત કવિ, નિલેન્દુ વોરા, રવિન્દ્ર દવે, ઉલ્લાસ વોરા તેમજ દિનેશ ધાણીનો સમાવેશ થાય છે. તમામ સેન્ચુરી ડોનર્સને 'શેરદિલ ગુજરાત' તરફથી એવોર્ડ પણ મળી ચુકયા છે. ગાંધીનગરમાં સેવાકીય પ્રવૃત્તિઓના પ્રણેતા તથા ગાંધીનગરના 'રવિશંકર મહારાજ' તરીકે ઓળખાતા જી.એન. ખારોડે શહેરમાં રકતદાનની પ્રવૃત્તિને વેગ આપ્યો હતો.

ગાંધીગરના સુકેતુ મહેતા વર્ષ ૧૯૮૩થી દર ત્રણ મહિને નિયમિતપણે રકતદાન કરે છે. તેઓ અત્યાર સુધી કુલ ૧૩૫ વખત રકતદાન કરી ચુકયા છે. જી.એન. ખારોડની પ્રેરણાથી રકતદાનની શરૂઆત કરનાર સુકેતુ મહેતા એક ફોન આવતા જ રકતદાન કરવા પહોંચી જાય છે. 'બી' પોઝીટીવ બ્લડગ્રુપ ધરાવતા સુકેતુ મહેતા ૫૦૦ રકતદાતાઓના સંપર્કમાં છે. જયારે પણ કોઈને લોહીની જરૂર પડે ત્યારે તેઓ રકતદાતાને મોકલી આપે છે. તેમના પત્ની જીગ્નાશા મહેતા પણ ૫૭ વખત રકતદાન કરી ચુકયા છે.

૭૨ વર્ષના ભરત કવિ તેમના જીવનકાળ દરમિયાન કુલ ૧૧૫ વખત રકતદાન કરી ચુકયા છે. 'ઓ' પોઝીટીવ બ્લડગ્રુપ ધરાવતા ભરત કવિ સેવાકીય સંસ્થાઓમાં મોટું યોગદાન આપે છે. ૧૮ વર્ષથી ૬૫ વર્ષ સુધી રકતદાન કરી શકાય તેવો નિયમ હોવાથી ભરત કવિ હવે રકતદાન કરી શકતા નથી.

પાટનગરમાં રકતદાન પ્રવૃત્તિની શરૂઆત જી.એન. ખારોડ દ્વારા કરવામાં આવી હતી. સર્વેશ્રી શશીકાંત મોઢ, રવિન્દ્ર દવે, અને નિલેન્દુર વોરાએ પ્રવૃત્તિનો વેગ અને વ્યાપ વધાર્યો. જ્યારે ભરત કવિ અને ઉલ્લાસ વોરાએ સમાજસેવી સંસ્થાઓને રક્તદાન પ્રવૃત્તિ જોતરી. નોંધનીય બાબત એ છે કે, એક જ પરિવારના બે સગા ભાઈઓ નિલેન્દુ વોરા અને ઉલ્લાસ વોરા બંને ૧૦૦થી વધુ વખત રક્તદાન કરી ચૂક્યા છે. જાણીતા કર્મચારી આગેવાન દિનેશ દાણીએ પણ અલગ-અલગ સ્થાનો પર ૧૩૦ વખત રક્તાન કર્યું છે.

## @ગાંધીનગર

● પંચશીલ પાર્ક સોસાયટી, ગાર્ડનની બાજુમાં, સે-૨૨ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે કષ્ટભંજન ગોદડિયા હનુમાનજીના ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ યોજાશે. આ સુંદરકાંડ પાઠનું આયોજન તૃપ્તિ આઈસ્ક્રીમ પાર્લર પરિવાર દ્વારા કરવામાં આવ્યું છે.

● ગાંધીનગર હોમિયોપેથિક એસોસીએશન તથા રેડક્રોસ સોસાયટીના સંયુકત ઉપક્રમે સેકટર-૧૬માં બ્રહ્મસમાજ હોલ ખાતે સવારે ૭ થી ૧૧ કલાક દરમિયાન રકતદાન યજ્ઞ યોજાશે.

## વાતવાતમાં

● તાજેતરમાં રાજય પોલીસ વડાએ દરેક જિલ્લામાં પાંચ વર્ષ કે તેથી વધુ સમયથી એક જ પોલીસ સ્ટેશનમાં કાર્યરત હોય તેવા પોલીસ કર્મચારીઓની ફરજિયાત આંતરિક બદલી કરવા જણાવ્યું હતું. આ અંતર્ગત ગાંધીનગર જિલ્લાના કુલ ૧૧૮ પોલીસ કર્મચારીઓની બદલીઓ કરવામાં આવી છે.

● શહેરના સે-૭માં મુખ્ય શોપીંગ સેન્ટર સામેના ખુલ્લા ભાગમાં નાનકડો બગીચો વિકસાવવાનું કાર્ય ચાલી રહ્યું છે. આ કાર્યને અનુલક્ષીને તે સ્થળે જુના કોંક્રિટ પ્લેટફોર્મ પર મુકવામાં આવેલા બાંકડાઓને સલામત રીતે ખસેડવાને બદલે આડા પાડી દેવાથી ઘણા બાંકડાઓને નુકશાન થવા પામ્યું છે.

# ખીચોખીચ વિદેશી દારૂ ભરેલી બે ગાડીઓ અડાલજ પોલીસે પકડી

## ઍપોલો સર્કલથી ભાટ હાઈવે રોડ પરથી ઈકો અને સ્વીફ્ટ ડિઝાયર ગાડી પકડાઈ : રૂ.૮.૩૨ લાખના મુદ્દામાલ સાથે એકની ધરપકડ : એક ફરાર

ગાંધીનગર, તા.૧૩

અડાલજ પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે ઍપોલો સર્કલથી ભાટ કોટેશ્વર રોડ ઉપર થઈ એક ઈકોગાડી અને બીજી સ્વિફ્ટ ડિઝાયર ગાડી પસાર થવાની છે જેમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ભરેલો છે. વિદેશી દારૂની હેરાફેરીની મળેલી બાતમીને આધારે અડાલજ પોલીસની સર્વેલન્સ ટીમે ઍપોલો સર્કલ નજીક વોચ ગોઠવી દીધી હતી અને આ બંને ગાડીઓને પકડી પાડી હતી. પોલીસે રૂ.૮.૩૨લાખની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી એક શખ્સને પકડી પાડયો હતો. જ્યારે બીજી ગાડીનો ડ્રાયવર રફુચક્કર થઈ જવામાં સફળ રહ્યો હતો. અડાલજ પોલીસે ગાડીના નંબરને આધારે મુખ્ય બુટલેગર સુધી પહોંચવા અને ફરાર થઈ ગયેલા ડ્રાઈવર સુધી પહોંચવા તજવીજ શરૂ કરી છે.

ગાંધીનગર જિલ્લાના ઈન્ચાર્જ એસ.પી વિજય પટેલની સૂચનાથી અડાલજ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર જે.જી. વાઘેલાની ટીમ દારૂ-જુગારની ચાલતી પ્રવૃત્તિઓ પર વોચ રાખી તેને સદંતર બંધ કરવા પ્રયત્નશીલ છે ત્યારે અડાલજ પોલીસ મથકના કોન્સ્ટેબલ જયરાજસિંહને બાતમી મળી હતી કે ઍપોલો સર્કલ થી ભાટ કોટેશ્વર હાઈવે રોડ ઉપરથી ઈકો ગાડી નં. જીજે ૧૮ એ.જેડ ૩૧૦૧ અને સ્વીફ્ટ ડિઝાયર ગાડી નં. જી.જે ૦૧ ડી.જેડ ૭૬૨૩ બંને ગાડી પસાર થનાર છે અને બંને ગાડીઓમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ભરીને હેરાફેરી કરવામાં આવી રહી છે. આ બાતમી આધારે ઍપોલો સર્કલ પાસે અડાલજ પોલીસ સ્ટેશનની ટીમ વોચ પર ગોઠવાઈ ગઈ હતી દરમિયાન બાતમીવાળી આ બંને ગાડીઓ ત્યાંથી પસાર થતાં તેને ઉભી રાખવા ઈશારો કરવામાં આવ્યો હતો પરંતુ બંને ગાડીના ચાલકોએ ગાડી ઊભી ન રાખીને ભગાડી મુકી હતી. વોચ પર ગોઠવાયેલી ટીમે ખાનગી ગાડી માટે બંને ગાડીનો પીછો કરી આગળથી પકડી પાડી હતી. ઈકો ગાડીનો ડ્રાઈવર પોલીસના હાથે આવી ગયો હતો પરંતુ સ્વીફ્ટ ડિઝાયર ગાડીનો ડ્રાયવર ગાડી મુકીને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો. બંને ગાડીઓની અંદર તપાસ કરતા અંદરથી ૫૭૬ નંગ જીનની બોટલ મળી આવી હતી. તે ઉપરાંત મેકડોવેલ નંબર-૧ વ્હિસ્કી ની ૩૧ બોટલ મળી આવી હતી. અડાલજ પોલીસે રૂ.૧,૮૨,૧૦૦ ની કિંમતનો દારૂ અને બે ગાડીઓ જપ્ત કરી રૂ.૮,૩૨,૧૦૦ ની કિંમતના મુદ્દામાલ સાથે અમદાવાદના બાપુનગર વિસ્તારમાં રહેતા ઈકો ગાડીના ડ્રાઈવર હાર્દિક ગણપતભાઈ રાઠોડ નામના શખ્સની ધરપકડ કરી લીધી છે. તો ફરાર થઈ ગયેલા સ્વીફ્ટ ડિઝાયર ગાડીના ડ્રાઈવરને શોધી કાઢવા તજવીજ શરૂ કરવામાં આવી છે. તે ઉપરાંત આ દારૂનો જથ્થો ક્યાંથી લાવ્યા હતા અને કોને ત્યાં લઈ જવાઈ રહ્યો હતો તે તમામ મોટા બુટલેગરો સુધી પહોંચવા પણ કવાયત શરૂ કરવામાં આવી છે.



# સરકારી હોસ્પિટલોમાં ૧૪૬૬ સ્ટાફ નર્સની થશે ભરતી

ગાંધીનગર, તા.૧૩

ગુજરાત રાજયની સરકારી હોસ્પિટલો અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં આરોગ્ય વિભાગ દ્વારા ૧૪૬૬ સ્ટાફ નર્સની ભરતી કરાશે. સરકારના આ નિર્ણયથી સરકારી હોસ્પિટલમાં નર્સની અછત દૂર થશે અને હોસ્પિટલમાં આવતા દર્દીઓને યોગ્ય સારવાર મળશે. આરોગ્ય વિભાગે લાંબા સમય બાદ મોટી ભરતીની જાહેરાત કરતા નર્સીંગના ક્ષેત્રના વિદ્યાર્થીઓને સરકારી નોકરીની તકો મળશે.

રાજય સરકાર હસ્તકની સરકારી હોસ્પિટલો અને સામુહિક આરોગ્ય કેન્દ્રમાં હજુ પણ મોટા પ્રમાણમાં સ્ટાફ નર્સની અછત છે. આ સ્ટાફ નર્સની કમીને લીધે સારવાર અર્થે આવતા દર્દીઓને ઘણી મુશ્કેલીઓ વેઠવી પડે છે. બીજી તરફ ગ્રામ્ય વિસ્તારોમાં આવી સ્ટાફ નર્સની જગ્યાઓ તો વર્ષોથી ખાલી ખમ જ જોવા મળે છે. સરકારે આ કમીને દૂર કરવા છેલ્લા ઘણા સમયથી ખાનગી એજન્સીઓ મારફતે નર્સોની કામચલાઉ ભરતી કરી કામગીરી ચલાવી રહી છે. પરિણામે નર્સીંગનો અભ્યાસ કરનાર યુવાનો લાંબા સમયથી નર્સીંગની ડીગ્રી લઈ સરકારી ભરતીની રાહ જોઈ રહ્યા છે ત્યારે આરોગ્ય વિભાગે આ યુવાનોની આશા પૂર્ણ કરી કુલ ૧૪૬૬ સ્ટાફનર્સની જગ્યાઓ પર ભરતી કરવાનો નિર્ણય કરી જાહેરાત પ્રસિધ્ધ કરી છે. જેમાં જનરલ કેટેગરી માટે ૬૯૪, અનુસૂતિ જનજાતિ માટે ૨૪૩, સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટે ૪૩૫, અનુસુચિત જાતિ માટે ૯૪ અને શારિરીક ખોડ ખાંપણ ધરાવતા માટે ૨૪૨ જગ્યાઓ સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે ભરવામાં આવશે.

## ધાર્મિક સાહિત્યમાં યોગદાન બદલ સ્વર્ણિમ એવોર્ડ અર્પણ

ગાંધીનગર, તા.૧૩

સદવાંચન પરિવાર ગાંધીનગરના અધ્યક્ષ અને ધાર્મિક અને ચિંતનાત્મક લેખક શ્રી શિવશંકર દવેને ઈન્ડિયન લાયોનેસ તરફથી સ્વર્ણિમ ગાંધીનગર એવોર્ડ અર્પણ કરાયો છે.



યુવાનોમાં સદવાંચન અને પુસ્તકોના પ્રચાર-પ્રસાર માટે, વાંચન પ્રત્યે જાગૃતિ કેળવાય એ હેતુથી કરેલા કાર્યને બિરદાવતા ઈન્ડિયન લાયન્સના ચેરમેન હિતેશ પંડયાના હસ્તે આ એવોર્ડ એનાયત થયો હતો. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ શિલ્પાબેન દેસાઈ અને કુંપલ દવે હાજર રહ્યા હતા. શિવશંકર દવેને આ ઉપલબ્ધિ માટે ગાંધીનગર સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉ અને ઉપાધ્યક્ષ સંજય થોરાત દ્વારા ખાસ અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## આજે બ્રહ્મસમાજ ભવન ખાતે રકતદાન યજ્ઞ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગરમાં તા. ૧૪મી જુન 'વિશ્વ રકતદાતા દિન' નિમિત્તે અનેક સ્થળે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યુ છે. ગાંધીનગર હોમિયોપેથિક એસોસિએશન તથા રેડક્રોસ સોસાયટીના સંયુકત ઉપક્રમે સેકટર-૧૬માં બ્રહ્મસમાજ ભવન ખાતે સવારે ૭ થી ૧૧ કલાક દરમિયાન રકતદાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ રકતદાન યજ્ઞમાં જોડાઈ સમાજોપયોગી સેવાકાર્યમાં સહભાગી થવા શહેરના યુવા રકતદાતાઓને આહવાન કરવામાં આવ્યું છે.



અધિકમાસના અંતિમ દિવસ એટલે કે અમાસે ચંદ્રમૌલેશ્વર મહાદેવ મંદિર સેકટર-૬ ખાતે કાંઠાગોરની મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓએ સામૂહિક રીતે પૂજા કરી હતી.

ચંદ્રમૌલશ્વર મંદિર, સેકટર- ખાતે છેલ્લા એક મહીનાથી વસાહતી મહિલા મંડળની બહેનો સામૂહિક રીતે કાંઠાગોરની પૂજા કરતી હતી. પૂજા દરરોજ ૧ થી ૧૨.૩૦ કલાક સુધી ચાલતી હતી. અમાસના દિવસે શાસ્ત્રી અલ્પેશભાઈ દ્વારા શાસ્ત્રોકત વિધિથી મહાપૂજા કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. આખાય મહિના દરમિયાન મહિલાઓએ દાન, જપ-તપ તેમજ કથા વાર્તા કરી અધિકમાસમાં પૂજા કરી હતી.

## શ્રમયોગી કલ્યાણ બોર્ડની શૈક્ષણિક પુરસ્કાર યોજનાનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૩

સંગઠિત ક્ષેત્રમાં કામ કરતા શ્રમયોગીઓના ધોરણ-૧૦ અને ૧૨ પાસ કરનાર બાળકો માટે ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડે શૈક્ષણિક પુરસ્કાર યોજના જાહેર કરી છે. જેમાં અભ્યાસ અર્થે રોકડ સહાય આપવામાં આવશે.

ગુજરાત શ્રમ અને રોજગાર વિભાગ અંતર્ગત ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ કાર્યરત છે. શ્રમયોગી બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ૧૨ પાસ થનાર સંગઠિત ક્ષેત્રમાં શ્રમ કરતા શ્રમયોગીઓના બાળકો માટે યોજના શરુ કરવામાં આવી છે. જેમાં શૈક્ષણિક અભ્યાસ અર્થે શૈક્ષણિક પુરસ્કાર આપવામાં આવશે. વર્ષ ૨૦૧૮માં ધોરણ-૧૦માં બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ અને જેમાં ૭૦ કે વધુ પર્સન્ટાઈલ મેળવનાર વિદ્યાર્થીઓને રૂ. ૨૦૦૦ શૈક્ષણિક પુરસ્કાર તથા વર્ષ ૨૦૧૮માં ધોરણ-૧૨ની બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ અને જેમાં ૭૦ કે વધુ પર્સન્ટાઈલ મેળવનાર વિદ્યાર્થીઓને રૂ.૪૦૦૦ શૈક્ષણિક પુરસ્કાર આપવામાં આવશે. આ યોજનાનો લાભ ગુજરાત રાજયમાં આવેલ કારખાના સંસ્થામાં કામ કરતા શ્રમયોગીઓના બાળકોને જ આપવામાં આવશે.

## ગાંધીનગર ઠાકોર સમાજ દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો શરૂ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર ઠાકોર સમાજ દ્વારા સરકારી નોકરી માટેની તૈયારી કરતા સમાજના યુવાનો માટે નિઃશુલ્ક સ્પર્ધાત્મક પરીક્ષાના તાલીમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે. શહેરના સેકટર-૬માં આ તાલીમ વર્ગો શરુ કરવામાં આવ્યા છે. જેમાં વિશેષ તજજ્ઞો દ્વારા તાલીમ આપવામાં આવશે. જેનો લાભ લેવા માટે સમાજના યુવાનોને અનુરોધ કરવામાં આવે છે. જે યુવાનોએ આ વર્ગમાં જોડાવવું હોય તેઓએ ધર્મેશ ઠાકોર મો. ૯૦૩૩૦૦૬૨૮૬નો સંપર્ક કરવા જણાવાયું છે.

# ગાંધીનગરમાં ગુજરાતી થાળીનો દબદબો

## શહેરમાં રૂ. ૫૦ થી લઈને રૂ.૫૦૦ સુધીની ગુજરાતી થાળી ઉપલબ્ધ, ગુજરાતી થાળી પીરસતી ૪૦ નાની-મોટી હોટલ

ગાંધીનગર, તા.૧૩

ગાંધીનગર શહેરના સ્વાદના શોખીન નગરજનો ચટપટી મસાલેદાર અવનવી વાનગીઓ આરોગવામાં માહેર છે. ત્યારે આજના પાણીપુરીથી લઈને પીઝાના સમયમાં પણ ગુજરાતી થાળીનો દબદબો યથાવત રહેવા પામ્યો છે. શહેરમાં રૂ. ૫૦ થી લઈને રૂ. ૫૦૦ માં ગુજરાતી થાળી પીરસતી ૪૦ નાની મોટી હોટલ આવેલી છે. ત્યારે શહેરી વિસ્તારમાં ગુજરાતી થાળી પીરસતી ૧૨ હોટલ આવેલી છે, જયારે ન્યું ગાંધીનગર અને ઈન્ફોસીટી વિસ્તારમાં ૧૮ હોટલમાં ગુજરાતી થાળી પીરસે છે.

મોટાભાગના પ્રવાસન સ્થળો પર ગુજરાતીઓની સંખ્યા વિશેષ જોવા મળે છે. જયારે પર્યટક સ્થળોએ પણ વિવિધ હોટલોમાં ગુજરાતી ભોજન વિશેષરુપે પીરસવામાં આવે છે. પાટનગરમાં પણ જાણીતી હોટલોમાં ગુજરાતી થાળી સહેલાણીઓ માટે મનભાવન પુરવાર થઈ છે. માટે જ ગાંધીનગરમાં વિવિધ શહેરોમાંથી આવતા સંખ્યાબંધ મુલાકાતીઓને નગરની હોટલ-રેસ્ટોરન્ટમાં અવનવી ગુજરાતી વાનગીઓ ખાવાની મજા પડે છે. છેલ્લા પાંચ વર્ષમાં નગરમાં ફુડ ટ્રેન્ડ બદલાયો છે. નવ વિકસીત ગાંધીનગરમાં મીની માણેક ચોક ઉપરાંત કુડાસણ વિસ્તારમાં નવો ફુડ ઝોન અસ્તિત્વમાં આવ્યો છે. જયારે નવી હોટલોમાં માત્ર ગુજરાતી વાનગી જ નહીં પરંતુ ચાઈનીઝ, પંજાબી, કોન્ટીનેન્ટલ, મેકસીકન, ઈટાલીયન, સાઉથ ઈન્ડીયન, સહિત વિવિધ પ્રકારની ચટાકેદાર વાનગીઓ આરોગવા સ્વાદ રસીયાઓની ભીડ જામે છે. જો કે અવનવી ડીશ વચ્ચે ગુજરાતી થાળીની બોલબાલા વિશેષ છે. ત્યારે શહેરની હોટલમાં રૂ. ૫૦ થી રૂ.૫૦૦ સુધીની ગુજરાતી થાળી પીરસવામાં આવે છે. શહેરી વિસ્તારમાં ૧૨ અને ઈન્ફોસીટી-કુડાસણ વિસ્તારમાં ૧૮ ગુજરાતી થાળી પીરસતી હોટલ ઉપલબ્ધ છે. જયારે નાગરીકોની મનભાવન કુલ ૪૦ હોટલ જુદા જુદા વિસ્તારમાં ગુજરાતી થાળીમાં અવનવી ચટાકેદાર વાનગીઓ પીરસી રહી છે.



## ચિરવિદાય

- સ્વ. પટેલ કાન્તીભાઈ બનારસીભાઈ, ઉ.વ. ૫૫
- સ્વ. દિલીપજી ગાંડાજી મકવાણા, ઉ.વ. ૩૨